સાલ : ૧૮ / સિલસિલાવાર નંબર : ૧૫૯ / શુમારો : ૩ ... ફુલ પાના - ૧૬

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદિલ ઉલા - જુમાદિલ ઉખરા ૧૪૪૨ / જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૨૧

## અમાનત અને સચ્ચાઈ

અલ્લાહતઆલા કુરાને કરીમમાં સૂરતુલ બકરહમાં ફરમાવે છે કે, "ઝરૂર ! અલ્લાહતઆલા તમને અમર કરે છે કે, અમાનતો ને તેના અહેલ તરફ પહોંચાવી દોં. જે વક્ત તમેં લોગોના દરમિયાન હુકમ કરો, તો ઈન્સાફથી હુકમ કરો. ઝરૂર ! અલ્લાહતઆલા તમને ભલી શીખામણ આપે છે. બેશક અલ્લાહ સાંભલે છે, જોઈ છે."

બીજી એક આયતમાં સૂરતુલ અન્ફાલમાં ફરમાવે છે કે, "અય તે લોગો જે ઈમાન લાવા, તમેં અલ્લાહ અને રસૂલની ખયાનત ના કરો અને તમારા આપસની અમાનતોમાં પણ ખયાનત ના કરો અને તમેં આ તમામ અમાનતોને જાણો છો." સૂરતુલ અહઝાબમાં ફરમાવે છે કે, હમેં પૈશ કીધી અમાનતને આસ્માનો અને ઝમીન અને પહાડો ઉપર, તો તે સઘલાએ તેને ઉઠાવવાથી ઈન્કાર કીધો અને ઈન્સાને તે અમાનતને ઉઠાવી દીધી. ઝરૂર ! એ ઈન્સાન ઘણો જાહિલ છે, ઝાલિમ છે. જેથી અલ્લાહતઆલા અઝાબ કરે મુનાફિક મરદોં અને મુનાફિક બૈરોને, અને શિર્ક કરનાર મરદો અને શિર્ક કરનારી બૈરોને. **અલ્લાહતઆલા તૌબાને કુબૂલ કરે છે મુમેનીન મરદો અને મુમેનાત બૈરોથી.** અલ્લાહતઆલા તૌબાનો તોહફો ઈમાનદારોને અતા ફરમાવે છે. અલ્લાહતઆલા મુઆફ કરનાર અને રહેમત કરનાર છે.

કલામુલ્લાહમાં અમાનતને અદા કરવાની ઝિક્ર છે. તેના હક્કદાર તરફ અને તેને સાચવવાની ઝિમ્મેદારી પણ અમાનત રાખનારની જ છે. જહાઁ તક અમીન પાસે અમાનત બરકરાર રહે અને સચવાયેલી રહે, વહાઁ તક તેના ઉપર ભરોસો મુકી શકાય, નહીં તો તે ખાઇન થઇ જાય, ચોર-ખયાનત કરનારો થઇ જાય. પહેલામાં પહેલી અમાનત ઈન્સાનના નઝદીક ઈમાનની છે, માઅરેફત ની છે. દીનના અહકામ ઉચકવાની છે, જે સાહેબ દીન લઈને આવા તેના ઉપર યકીન રાખવાની છે. આ સાહેબ જે કહે અને જે બતાવે તે મુજબ અમલ કરવાની છે. અઝીમમાં અઝીમ ચીઝો આસ્માન, ઝમીન અને પહાડોએ પણ આ ભારી અમાનત રાખવાનો ઈન્કાર કરી દીધો.

ઈન્સાનના દિલે તે ઉચકવાનું કુબૂલ રાખું મગર ઝમાનો ગુઝરતા એં તેમાં ખયતાનત કીધી, કુસૂર કીધો, નિય્યત બિગડી ગઇ, હક્કને છોડી દીધો, અમાનત લાવનાર સાહેબને તરછોડી દીધા. હર નબીની ઉમ્મતના લોગોએ દીનની અમાનતને સાચવવામાં **દગાબાઝી અને મકરબાઝી** કીધી છે. તેમાં ફસાદ પૈદા કીધો છે અને આખિરકાર તેઓ અઝાબે ઈલાહીનો શિકાર બનેલા છે. આ લોગો યા તો મુનાફિક હતા યા મુશ્રિક હતા. દીન અને દીનના સાહેબ અને એની વિરાસતને ના સમઝા અને સહી રાહથી ભટકી ગયા.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) દુનિયામાં પધારા, એક અઝીમ અમાનત લઈ ને પધારા. આપનું દિલે મુનવ્વર તે ઝિમ્મેદારી ઉચકવા વાસ્તે કાબિલ હતું. આપ નબી સાહેબ અમીન ને સાથે સાદિક-સાચા પણ હતા. તે અમાનત હક્કના દીન, કુરઆન અને શરીઅતની હતી. આપની આ અમાનત કે, જેની હિફાઝત કરવી અલ્લાહ ના હાથમાં હતી તેને કોઇ (બકીયાહ પેજ નં. ૨ પર)

**હું નથી જોતો બલાને મગર તે રાહત લાવે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

આઁચ ના આવે, **તે વાસ્તે આપની આલમમાં આ દીનની અમાનતની અદાયેગી ચાલતી રહી.** દીને ઈસ્લામ રૂહાની આલમની નેઅમત હતી મગર તેને આ દુનિયાના લોગોમાં બરાબર ચલાવવા હક્કના સાહેબને ઝમીનના ટૂકડાની ઝરૂરત હતી કે, જે જગા પરથી દીને હક્કની બરકાતનો ફેલાવ થઈ શકે અને લોગો તે જગા પર આવીને હક્કના સાહેબથી ફૈઝ હાસિલ કરી શકે.

જ્યાં હક્કના સાહેબ ઠહેરે, શરીઅતના અહકામ જારી કરે, મુમેનીનની બહેબૂદીના ઊમૂર અંજામ અપાય, હક્કના બુઝુર્ગોની કબરો હોય, મુમેનીનનો જે જગા પર મજમો જમા થાતો હોય, અને આ તમામ હક્કના સાહેબ - દાઈએ હક્કની રઝામંદી, સરદારી અને ઈન્તેઝામને માતહત હોય, તેને જમાઅતની મિલ્કત કહેવાય. આ જગાઓ પરથી હર ઝમાનમાં હક્કના સાહેબ દાઅવતની નશ્રો ઈશાઅત અને ઊમૂરને અંજામ આપતા હોય છે. આ જગાઓમાંથી ચંદ જગા આપ વકફ કરે છે કે, જેમાં આપની જમાઅતના મુમેનીન નમાઝને અદા કરી શકે. દાઈએ હક્કની રઝાથી જ અપની કોઈ પણ જગા વકફ થઈ શકે અને પછી તે જગાના તમામ ઊમૂરના માલિકો મુખ્તાર દાઈએ હક્ક કહેવાય છે.

અમાનત ફક્ત દૌલત, સામાન, પૈસા, મિલ્કીયત, તોશો, ઔલાદ વગૈરહની નથી હોતી. મુમિન વાસ્તે ઊંચામાં ઊંચી અમાનત એના હક્કના સાહેબ-દાઈએ હક્કની મોહબ્બત, ઉલ્ફત, માઅરેફત અને મીસાક છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં પહેલામાં પહેલા આ અમાનતને સાચવવાની વાત કરે છે. અલ્લાહતઆલા, એના રસૂલ અને રસૂલની આલ કે જેમાં ઈમામો અને દોઆત શામિલ છે, એમની બિલાકુસૂર પૈરવી કરવાની વાત કરે છે. આ પૈરવીને લીધે મુમિનનું દીન, આઅમાલ અને આખેરત બરાબર થાય છે, નહીં તો હથેલીની ધૂલ જેમ તે ઊડી જાય છે. **આ અમાનતમાં ખેયાનત કરનાર લોગોને ખાઇન કે ગદ્દાર કહે છે.**

યાદ રહે કે, પહેલામાં પહેલા દીને હક્ક લઈને મૌ.આદમ પધારા જેના હાથમાં દાઅવતની બાગદોડ હતી. જેમ જેમ આપની દાઅવત ફેલાતી ગઈ, તેમ તેમ મુમેનીન-મુખ્લેસીનની જમાઅત બનતી ગઈ. લેહાઝા, **પહેલે દાઅવતના સાહેબનું આવવું છે તે બાદ જમાઅતની રચનાનું થાવું છે.** યાઅની કે, સાહેબે દાઅવત જ ખુદની ઝાતમાં મુમેનીનની કુલ જમાઅત છે. સરદારની સરદારીમાં એની રઈયત આવી જ જાય છે. કુલ મુમેનીનનું કૌમી, સમાજી, તિજારતી યા રૂહાની નુમાઈંદગી-રીપ્રેઝન્ટેશન પણ સાહેબે હક્ક જ કરે છે. તો પછી, તે શખ્સના ઈમાનનો શું હાલ કે, જે એમ કહે કે, હું દાઅવતમાં માનતો નથી ! શું એ જમાઅતનો કહેવાય કે, જે આ મુજબના બેતુકા જાહિલાના બોલ બોલે.

૩૨ માં દાઈએ હક્ક સૈ.જીવાભાઈ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) ૧૧૧૦ હિ. માં અહમદાબાદ છોડીને વડોદરા આવા તો હાલના વાડીના ઈલાકામાં અપની જમાઅતનું શું હતું ? પ્રતાપનગર પર શું હતું ? મારૂફળિયામાં શું હતું ? આ તમામ મિલકીયતો દોઆતે હક્કની દૈન, વિરાસત અને અમાનત છે. ૩૧ માં દાઈએ હક્ક સૈ. હસન બદરૂદ્દીન સાહેબ બિન સૈ. વલી બિન સૈ. અજબ બિન સૈ. ફખરૂદ્દીન જલાલ સાહેબ (ક.રૂ.) ની તદબીરથી આજે હમારો હક્ક જૂના પીર જલાલુદ્દીનના કબ્રસ્તાનમાં બરકરાર છે. આ બેવે મૌલાના અહલ, ઘરવાલા, ખાનદાનવાલા હિજરત બાદ પણ આ જ જગા અહમદાબાદમાં રહ્યા હતા અને જગાને સાચવી હતી. અહમદાબાદ અને વડોદરાની તમામ હમારી જગાઓ તે દોઆતે હક્કની દૈન અને કોશિશોનો નતીજો છે. મુંબઈમાં વરલી પર હમારી જગા તે ૪૨ માં દાઈએ હક્ક સૈ. ફિદાઅલી બદરૂદ્દીન સાહેબ (ક.રૂ.) ની કોશિશનો સમરો છે. સૂરતમાં હમારી

(બકીયાહ પેજ નં. ૩ પર)

**હું નથી જોતો મૌતને મગર તે સઆદત-નૈકબખ્તી લાવે છે.**

(પેજ નં. ૨ નું બાકી)

આટલી કુશાદા જગા તે ૩૫ માં દાઈ સૈ. નૂરભાઈ નૂરૂદ્દીન સાહેબ (ક.રૂ.) ના ફઝલો અહેસાનની યાદ છે. નડીયાદની મસ્જિદ પણ ૪૪ માં દાઈએ હક્ક સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) ની તદબીરનું નૂર છે. આ જગાઓની એહમીયત, દીની વકાર અને મઝહબી બંદિશ તે જ વક્ત ઊભી થાય છે કે, ઝમાનાના દાઈએ હક્ક તે જગાને મુમેનીન વાસ્તે વકફ કરે છે. નહીં તો તે જગા ગૈર-મઝહબી, નાકાબિલે જમાઅત અને માઅમૂલી બનીને પડી રહે છે.

દાઈએ હક્કની એ હસ્તી જ નથી કે, કોઈ ચીઝ કોઈના પાસેથી હડપ કરે. આપ તો જમાઅતના અમીન છે, સરદાર છે, સરતાજે રૂહાનીયત છે. જાનો માલથી ફિદા થાનાર મુમેનીન વાસ્તે દાઈએ હક્ક હાઝિર-નાઝિર છે. મુમેનીન ને હર હાલમાં આસાની છે. ચંદ લમહાતમાં એમની હાજિતરવાઈ થઈ જાય છે. મગર જે મુન્કિર-મુનાફિક છે તેને ડર સતાવે છે. જાશે તો કહાઁ જાશે ! ઈબ્લીસી તકબ્બુરી અને આતિશે દૌલત એને દાઈએ હક્ક અને જમાઅત વાસ્તે ભલું ના સોચવા પર મજબૂર કરે છે, એ ફિત્ના કરે છે, એ મુમેનીનથી દૂર નાસે છે, એના કલામ ઝહેરીલા થઈ જાય છે, એના અમલ શયતાની થઈ જાય છે. **એવા લોગો ગદ્દારીના ગુલામ બની જાય છે.**

દાઈએ હક્ક તો પહેલેથી જ જમાઅતની મિલ્કતોના માલિક હતા. આપને હડપવાની ઝરૂરત છે જ નહીં. જેમ ફિદકની ઝમીન, મિસિરની ઝમીન, યમનની ઝમીન અને આજે અહમદાબાદની ઝમીન, આ તમામને હડપવા મુનાફિકો ફિત્નો કરી ચુકા છે, કરે છે અને આ મકરબાઝીની ઈન્તેહા કહાઁ છે તેની રબ્બુલ ઈઝઝત સિવાય કોઈને ખબર નથી. હાલમાં ગદ્દારો અને મુનાફિકો જમાઅતની મિલકતો હડપીને બેસેલા છે. ખૌફ છે કે, મરીશું તો કઈ જગા જઈશું ! મુમેનીન ની અરવાહે સાલેહીન લાઅનત પઢી રહ્યી છે અને ખબરદાર કે, નાહક્ક કબ્ઝો કીધેલી ઝમીનનો એક-એક ટુકડો આખેરતમાં આગ ઓકશે અને એવા લોગો અઝાબે વબીલમાં પટકાશે.

હાલમાં સફર મહીનામાં મુનાફિકોની ટોલીના મકરની નાપાકી અહમદાબાદ માં ઝાહિર થઈ. જે વક્ત ૩૧ માં દાઈએ મુત્લકના રૌઝહ શરીફહને આસપાસની જગાનો ઈહાતો ૩૦૦૦ સ્કવેર ફૂટ ને કરીબ તેઓએ ત્યાંના મેનેજર સાથે તય કીધો અને દીવાર ઊભી કરવા વાસ્તે ત્યાં માલ આવીને પડો, તો ખબર પડી કે, આ લોગો એ કોઈ મોટી સાઝિશ કીધી છે. આ ચીઝથી દાઈએ હક્ક અને જમાઅત ના મુમેનીન ને અંધારામાં રાખવામાં આવા. ગોલગોલ વાતોને પૈશ કરવામાં આવી. આ બાબત હજી તક મુકમ્મલ કાગઝાત ઝાહિર કરવામાં આવા નથી. રૌઝહ અને જૂના મુસાફિરખાનાની જગાનો અંદાઝો તો કાફી મોટી જગાનો થાય છે. તેના સામે ૩૦૦૦ સ્ક્વેર ફૂટ કુબૂલ કરી લેવી અને સરંડર થઈ જાવું તે શકના સેંકડો સવાલો ઊભા કરે છે !

૨૪ સફર જે વક્ત હમારા સાહેબો જે રૌઝહની જગાનો મુઆએનો કરવા ગયા હતા, તેઓએ જોયું કે ત્યાં રૌઝહ નઝદીક દીવાર લેવામાં આવી રહી છે, તો ફૌરન હુજ્જતો દલીલ કરીને કામને રોકાવું અને આ મકરબાઝીની ચાલને સાહેબે દાઅવતે ૨૫ સફર ના રોજ ફજેરે મુમેનીનને જમા કરીને નૂરાની મસ્જિદમાં આશ્કાર કીધી, સમઝાવી અને તે બાદ અયવાને નૂરાનીમાં મુમેનીન-મુમેનાત સાથે મજલિસમાં બેસી ગયા. આજે પણ હફ્તામાં ૨ વાર મુમેનીન-મુમેનાતની મજલિસ ચાલું છે. મુમેનીન હર સોમવાર-જુમ્આ મગરિબ બાદ અને મુમેનાત પણ મજલિસ કરે છે અને ઝિમ્મેદાર મુનાફિકોને આજે પણ જવાબો આપવા તલબ કરે છે. મગર જેઓએ મકર જ કીધો હોય તેના પાસે જૂઠ-બયાની સિવાય બીજો કોઈ રસ્તો હોઈ શકે નહીં ! જહાઁ તક, આ મુઆમલાનો ખૈર અંજામ નહીં આવે, વહાઁ તક આ એહતેજાજ અને મજલિસ ચાલું રહેશે. ઈન્શાઅલ્લાહ !

(બકીયાહ પેજ નં. ૪ પર)

**હું નથી જોતો દૌલતને મગર તે સખાવત લાવે છે.**

(પેજ નં. ૩ નું બાકી)

મુમેનીન-મુખ્લેસીન, જે ૩૧માં દાઈએ હક્ક પર યકીન રાખનાર મોઅતકેદીન છે, તેમના પર વાજિબ છે કે, **આપ મૌલાની ઝિયારત શરીફહથી ફૈઝયાબ થાય અને તે જગાની હકીકતથી આશ્ના થાય.** સાહેબે દાઅવત અને મુમેનીનના પ્રોટેસ્ટથી જો આ કામ અટકું ના હોત અને દીવાર ઊભી થઇ ગઇ હોત તો, મુમેનીન ઝરા તે રસ્તાનો મુઆએનો કરે, જોઇ કે જ્યાંથી રૌઝહની જગાનો દરવાઝો પડવાનો હતો ત્યાં હાલત કેવી છે ? ક્યા લોગો ત્યાં બેસે છે ? કઇ તરહ ગૈર-શરઇ માહૌલ છે ? શું હમારા વાસ્તે અને હમારા મુમેનાત વાસ્તે સલામતી અને સુકૂનથી ત્યાંથી અવર-જવર કરવું મુમ્કિન બનેત ?

જે લોગો દોઆતે હક્કમાં યકીન જ નથી રાખતા, મૌલાની ઝિયારત જ નથી કરતા અને રૌઝહની પાકીઝગી સાથે તે મુનાફિકોનો કોઇ સરોકાર જ નથી તેઓને ઓથોરિટી કોને આપી કે તેઓ આ તરહ તંગ જગાની લેવડ-દેવડ વાસ્તે બચકાની હરકત કરે ? તેઓની કોઇ લિયાકત, રાઇટ કે બિસાત જ નથી કે જમાઅતની જગા-મિલ્કતને દાઇએ હક્કની રઝામંદી બગૈર વેડફી નાંખે. આજે આ જગા વાસ્તે તેઓએ નાકામ કોશિશ કીધી, જુરઅત કીધી, શું ભરોસો કે કાલે કોઇ બીજી મિલ્કત વાસ્તે આમ નહીં કરે ! **મુનાફિકોના અમલ અને કૌલ પર ઝર્રા બરાબર પણ એતેમાદ મુકી શકાય નહીં.** હમને ખબર છે કે, કુરઆને કરીમમાં અલ્લાહતઆલા સૂરતુલ બકરાહના ઈબ્તેદામાં અને સૂરતુલ મુનાફેકૂનમાં કઇ તરહ આ લોગોની બદઅતવારી, બદતમીઝી અને બદઆઅમાલીની મઝમ્મત કરે છે, ખરાબીની આયતોને બયાન ફરમાવે છે.

મુમેનીનને હમારા મૌલા મુકદ્દસ અને જમાઅતની જગાઓની હિફાઝત વાસ્તે એક મોહિમ ઉપાડેલી છે. મુનાફિકોને એનો રસ્તો બતાવવા એક જંગ છેડેલી છે. તેનું નામ બાગે હસન છે. અકલમંદ, હોશમંદ, રસાઇ રાખનાર, હક્કનો સાથ આપનાર, બેદાર, હિમ્મતવાલા અને જમાઅતના ખૈરખ્વાહ મુમેનીન-મુમેનાત આ મોહિમમાં જોડાય અને જે મુજબ વક્તનો ઇઝહાર કરવામાં આવો હોય, તે મુજબ બાગે હસનમાં હાઝિર-નાઝિર થાય. આ એક સુનેહરો મૌકો છે કે, જમાઅતના ખૈરખ્વાહીના કામોની ગુફ્તગૂ થઇ શકે અને જે જમાઅતથી હમારી પહેચાન છે, તેને હમેં હમારી ખિદમત આપી શકીએ. હમારા માથા ઉપર જે અઝીમ અહેસાન છે અલવી બોહરા હોવાનું, તેને હમેં હમારી કોશિશ અને તાઅલીમથી ઉતારી શકીએ.

--------

**ગિરતા હે જો ઝમીન પે ઉઠ જાતા હે કભી, આઁખો મેં જો ગિરતા હે વો ઉઠતા નહીં કભી,**
**આઁખેં ચુરાકે કૌમ સે કબ તક તું છિપેગા, આના પડેગા સામને આઁખો કે કૌમ કી.**
**બાગે હસન કે શેઅર કો તુમ કમ ન સમઝના, તલવાર સે ભી તૈઝ હે ઇસ સે ન ઉલઝના,**
**દિખતા નહીં હે ઝખ્મ કભી ઇસકા બદન પર, દુશ્મન કા કાટતા હે યે દિલ ઔર કલેજા.**
**બિસ્તર પે તેરી મૌત કે આએંગે જબ મૌલા અલી, કયા ખરાબી તુંને કી, વો દાઇ હૈં હક્ક કે વલી,**
**તું કહેગા મૈં નહીં કુછ જાનતા છોડો મુઝે, ચલ અય કાઝિબ, આગ હે તેરે લીયે હી બસ જલી.**
**જનાઝા દૂસરોં કા દેખકર ઇબરત ઝરા લે લે, તુઝે મૌત આએ ઉસસે પહેલે ઉકબા કી ફિકર કર લે,**
**યે શયતાની અમલ કુછ ફાયદા તુઝકો નહીં દેંગે, વફાદારી તું અપને દાઇ સે એક લમ્હા તો કર લે.**

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**હું નથી જોતો ખિદમતને મગર તે હસનત લાવે છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૩
## અલવી અકીદાઓ - અકીદો - ૨૨, ૨૩, ૨૪, ૨૫

**મુકદ્દેમો - પ્રસ્તાવના**

ઝૂહુરનો વક્ત ૧૧ માં ફાતેમી ઈમામ મૌ. અબ્દુલ્લાહિલ મહેદી (અ.સ.) થી આફ્રીકાથી શુરૂ થયો. હમેં યહાં પર તે તમામ દોઆતે બલાગ ની ઝિક્રે ખૈર કરીશું કે, જેઓ ૨૦ માં ફાતેમી ઈમામ મૌ. મન્સૂરિલ આમિર (અ.સ.) તક મિસિરમાં મુખ્તલિફ ઝમાનમાં થયા. મૌ. અબ્દુલ્લાહિલ મહેદી (અ.સ.) ના ઝમાનમાં સૈ. અબૂ તમ્મામ અને સૈ. જાઅફર અલ-હાજિબ, ૧૨ માં ઈમામ મૌ. મોહંમદિલ કાઈમ (અ.સ.) અને ૧૩ માં ઈમામ મૌ. ઈસ્માઈલલ મન્સૂર (અ.સ.) માં સૈ. અહમદ અન-નસફી અને સૈ.અબૂ હાતિમ અર-રાઝી, ૧૪ માં ઈમામ મૌ.મઅદિલ મોઈઝ (અ.સ.) માં સૈ.જાઅફર બિન મન્સૂરિલ યમન, સૈ. અબૂ યાઅકૂબિસ સિજિસ્તાની અને સૈ. કાઝીયુન નોઅમાન બિન મોહંમદ, ૧૬ માં ઈમામ મૌ. મન્સૂરિલ હાકિમ (અ.સ.) માં સૈ. અહમદ હમીદુદ્દીન અલ-કિરમાની, સૈ. યાઅકૂબ બિન કિલિસ અને સૈ. કાઝીયુન નોઅમાન સાહેબના ફરઝંદો, ૧૮ માં ઈમામ મૌ. મઅદિલ મુસ્તન્સિર (અ.સ.) ના વક્તમાં સૈ. મોઅય્યદ અશ-શીરાઝી અને સૈ.અલી બિન મોહંમદ અસ-સુલૈહી, ૨૦ માં ઈમામ મૌ. મન્સૂરિલ આમિર (અ.સ.) માં સૈ. અબુલ બરકાત અલ-હલબી અને સૈ. સુલતાન અલ-ખત્તાબ (સલવાતુલ્લાહે અલયહિમ).

ઉપર ઝિક્ર કરવામાં આવેલા દોઆતે બલાગ સિવાય બીજા ઘણા દોઆત જે અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના ઝમાનમાં ૧૨ જઝીરાઓમાં મૌજૂદ હતા અને હરએકે ઈમામી ફરમાનના માતહત પોતાની ઈલ્મી લિયાકત અને કમાલીયત મુજબ દાઅવતે હાદીયતે અલવીયહની ઈલ્મી હિમાયત અને અઝીમ ખિદમત કીધેલી છે. જેની તફસીલથી ઝિક્ર કરવી એક મોટા કિતાબને લખવા બરાબર છે. આ એક રોશન હકીકત છે કે, દોઆતે બલાગ તેના ઝમાનમાં ઈમામ આલી મકામના હુકમે આલીને મુતાબિક, આપની રઝા અને હિદાયતથી કિતાબોને લખવાનું કામ કરતા હતા અને ચંદ આલી કદર કિતાબો પર **ઇમામે હક્કની મોહરે ફાતેમી લગાવવાનો શરફ** પાતા હતા. તે બાદ પોતાના શાગિર્દોને સાથે તે બલંદ-પાયા કિતાબોને નકલ કરાવતા હતા અને સલ્તનતે ફાતેમીયહના શહેરો-ગામડાઓ યા દૂરોદરાઝ ઈલાકાઓમાં લોગોને પઢવા વાસ્તે કિતાબોનેં પહોંચાડતા હતા.

આ કિતાબોને તસ્નીફ કરવાનો મકસદ એક બીજો પણ હતો. આ દોઆતે બલાગ જે જે જઝીરાઓમાં ફાતેમી ઈસ્માઈલી ઈમામતની નુમાઈંદગી કરતા હતા ત્યાં, છૂપી રીતે ઉમય્યા અને અબ્બાસી બાદશાહોના જાસૂસો અને ગૂમરાહ રઈસો મૌજૂદ હતા. તેઓ ફાતેમી ઈમામતના અકીદાઓ ને ખિલાફ પૈસાની લાલચના બલ પર, દુનિયા કમાવવા વાસ્તે ઝહેર ઓકતા હતા. અહલુલ બૈત (અ.સ.) ની ફઝીલતો અને હક્કાનીયતને છુપાવતા હતા અને દીનમાં ફસાદ પૈદા કરવા જૂઠ બાંધતા હતા. **દુશ્મનોની આ મકરબાઝીને દોઆતે બલાગ જાણતા હતા.** લેહાઝા, હક્કની ઈમામતની બૂનિયાદને આઁચ ન આવે, ફાતેમી ઊસૂલો-અકીદાઓની હિફાઝત થાય, તેથી આ દોઆતે હર ફિત્નાનો, હર બાતિલનો અને હર શયતાની મકરનો રદ્દીયો અને મૂઁહતોડ જવાબ કિતાબની શિકલમાં પૈશ કીધો.

આ સાથે દોઆતે બલાગે એક બીજું કારનામું અંજામ એ આપું કે, અલગ-અલગ જઝીરામાંથી લોગોની ઝહેનીયત, ઈલ્મી લિયાકત અને સમઝની કાબિલીયતને મદ્દે નઝર રાખીને ઝહીન અને આકિલ અકીદતમંદોને મિસિરમાં ઈમામે હક્કની હઝરતે આલીયહમાં ઊંચું ઈલ્મ હાસિલ કરવા વરસો વરસ મોકલતા રહ્યા. જહાઁ ઈલ્મે ખાસ હાસિલ કરવાનો એ તૌર-તરીકો હતો કે, ઈમામે હક્કના ૧૨ હુજ્જતે લૈલી જે મિસિરમાંજ ખિદમત અંજામ આપતા હતા,

(બકીયાહ પેજ નં. ૬ પર)

**હું નથી જોતો ખામોશીને મગર તે સચ્ચાઈ લાવે છે.**

(પેજ નં. ૫ નું બાકી)

તે તાલિબે ઈલ્મની પૂરેપૂરી તફતીશ કરતા અને તેનામાં ઈલ્મી શૌકનો કિયાસ લગાવતા અને આ મુજબ મહીનાઓ તક મુખ્તલિફ ઈમ્તેહાનથી એને ગુઝારતા હતા. તમામ ચીઝોમાં કામિયાબ થયા બાદ **દરબારે ઇમામીની ઊંચી ઇલ્મી મજલિસો અને તકરીરોમાં** એને શિરકત કરવાની, હિસ્સો લેવાની ઈજાઝતે ખાસ્સહ અપાતી હતી.

અકીદો - ૨ ૨ : **પહેલા મૌજૂદ યાઅની મબ્દએ અવ્વલ યાઅની અક્લે અવ્વલ ખુદની ઝાતથી વુજૂદમાં નથી આવા.**

અલ્લાહતઆલાએ તેને પૈદા કીધા છે અને તે તમામ કમાલીયતો અને ખૂબસૂરત નામો (અસ્માએ હુસ્ના) ના મઝહર છે, સરચશ્મા છે અને તેના જ તરફ હર નામની ઈન્તેહા છે. કેમકે, આ પહેલા મૌજૂદ (મૌજૂદે અવ્વલ) થી ઉપર ફક્ત અલ્લાહની ઝાતે મુકદસ છે કે, જે તમામ સિફતોથી બરી છે અને જેને તમામ નામોથી પાકો સાફ કરવું એક મુમિને મુખ્લિસ પર વાજિબ છે. હમેં અલ્લાહતઆલાની તૌહીદે હકીકીમાં બીજી બે ચીઝ જોડી દઈએ છીએ, તો જ તૌહીદ કામિલ થાય છે. અલ્લાહની કોઈ સિફત ન હોવી, જેથી તે ખાલિક કહેવાય અને બીજી તમામ ચીઝો જે પૈદા કરવામાં આવી છે, જેથી તે મખ્લૂક કહેવાય, આ મુજબ માનવું "**તજરીદ**" છે. ખાલિક હોવાના સબબ અલ્લાહનું કોઈ નામ ના હોવું અને પૈદાશુદા ચીઝોના મુખ્તલિફ નામો હોવા અને કોઈ પણ નામથી ખાલિકને ના જોડીને તેની માઅરેફત કરવી, તે "**તન્ઝીહ**" છે. આ તમામને મિલાવીએ તો તૌહીદે હકીકી તરફ જઈ શકાય છે.

જે લોગો તેઝ અક્લ રાખે છે, ગહેરૂં ઝહેન રાખે છે તેઓ પણ આ હકીકતોને સમઝવા પર આજિઝ આવી જાય છે. આ ઈલ્મ તક પહોંચ રાખવામાં તેઓની અક્લ કાસિર થઈ જાય છે, થાકી જાય છે. **કોતાહી અને ખોટ ખાવી તે ઇન્સાની અક્લનું બીજું નામ છે.** આના બાદ જે નુક્તા પર જઈને નાકિસ ઈન્સાની અક્લ રૂકી જાય, તે જ મૌજૂદે અવ્વલ યા અક્લ અવ્વલ છે. અલ્લાહતઆલાથી અક્લે અવ્વલને જૂદી કરવી અને તેને મૌજૂદાતમાં પહેલી ગરદાનવી અને તે અલ્લાહની કુદરતથી વુજૂદમાં આવેલી છે એમ માનવું, એ જ હમારો તૌહીદનો અકીદો છે.

અલ્લાહતઆલાની ઝાતે અકદસ એવી છે કે, ના તો તે કોઈ ચીઝથી છે, ના કોઈ ચીઝને ઉપર છે. ના કોઈ ચીઝને અંદર છે, ના કોઈ ચીઝની મદદથી છે. ના કોઈ ચીઝને સાથે છે, ના કોઈ ચીઝના મોહતાજ છે. કેમકે, જો આનાથી મુઆમેલો બરખિલાફ હોતો તો અલ્લાહતઆલા મૌજૂદે અવ્વલ બની જાતા અને અસલી મૌજૂદે અવ્વલની જગા કોઈ બીજી ચીઝ લઈ લેતી. આમ પૂરી તરતીબમાં ઝૈરો ઝબરી - ઊંચનીચ પૈદા થઈ જાતી. લેહાઝા, મરતબાઓ અને દરજાઓ બદલાઈ જાતા. જે નામુમ્કિન છે. અલ્લાહતઆલા તે ખાલિક છે અને મૌજૂદે અવ્વલ તે મખ્લૂક છે.

પણ હાઁ ! આ મૌજૂદે અવ્વલ યા અક્લે અવ્વલ તમામ તેની કમાલીયતોને બાવુજૂદ પોતે-બઝાતે ખુદ ઝાહિર નથી થયા પણ અલ્લાહતઆલાએ તેના વાસ્તે "**ઇબ્દાઅ**" કીધું છે. કોઈ ચીઝ બગૈર વુજૂદમાં લાવા છે. ઈન્સાને મુમિન વાસ્તે એ જ બહેતર છે કે, તે અલ્લાહતઆલા વાસ્તે ફક્ત ઝમીરમાં ચોખો અકીદો રાખે જેના વાસ્તે સોચી શકાતું નથી અને બયાન પણ થઈ શકતું નથી.

અકીદો - ૨ ૩ : **ફરિશ્તાઓ - મલાએકત હક્ક છે.**

આલમે અરવાહ (રૂહોનું જહાન) અને આલમે અજસામ (જિસ્મોનું જહાન) માં, એમ બેવેમાં ફરિશ્તાઓનો વુજૂદ છે અને તેની ઘણી કિસ્મો છે. તેના ઘણા દરજાઓ છે. આ ફરિશ્તાઓ અલ્લાહતઆલાની મખ્લૂકના ફાયદાના

(બકીયાહ પેજ નં. ૭ પર)

**હું નથી જોતો મઝલૂમીને મગર તે ઈન્સાફ લાવે છે.**

(પેજ નં. ૬ નું બાકી)

કામો કરા કરે છે અને પોતાના કામની ઝિમ્મેદારીથી જ સરોકાર રાખે છે. તેના કામના દાએરાની અલ્લાહતઆલાએ જે હદ મુકર્રર કીધી છે, તેને કોઇ વક્ત ફરામોશ કરતા નથી, તોડતા નથી. જેમ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, આ ફરિશ્તાઓ માંથી હરએક ઇન્સાન વાસ્તે મુકર્રર મકામના ફરિશ્તાઓ છે. આ તમામ ફરિશ્તાઓના જૌહર - બિનાએ તખ્લીક એક છે, પણ કામ ના એતેબારથી તેઓના નામ અલગ-અલગ છે. અલ્લાહતઆલાએ તેઓને જૂદા-જૂદા જહાનમાં તકસીમ કીધેલા છે.

થોડા આલમે અકલીમાં છે, થોડા આલમે ફલકીમાં છે અને થોડા આલમે તબીઈમાં છે, જેથી આ દુનિયા બનેલી છે. તેઓ આ આલમોની હદ અને છેડાઓની હિફાઝત કરે છે. આ તમામ ઈન્સાની નઝરથી ઓઝલ છે પણ કુરઆને કરીમ **તેના વુજૂદની સચ્ચાઇ અને સુબૂતનું** બયાન કરે છે. અલ્લાહતઆલા પોતાના કિતાબમાં ફરમાવે છે કે, મેં એ ચીઝોની કસમ ખાઉં છું કે, જેને તમેં જોવ છો અને એવી ગાઇબ ચીઝો કે, જેને તમેં જોઇ શકતા નથી. આ અનદેખી ગૈબની ચીઝોથી મુરાદ ફરિશ્તાઓની છે.

આમ ઈન્સાનની નઝરોથી તેઓ ઝરૂર છુપેલા છે, પણ જે સાહેબ ને અલ્લાહતઆલા નબીના આઅલા દરજાથી નવાઝે, ઈલાહી તાઈદ બખ્શે તે સાહેબને ફરિશ્તા દેખાય છે. આ સાહેબ આમ ઈન્સાની **બદલાતી તબીઅતો અને બિગડેલા મિઝાજથી** પાક હોય છે. બશર હોવા છતા, એક નબીની કમાલની કૂવત અને એના અઝીમ દરજાથી એ આલમે રૂહાનીની સૈર કરવા લાગે છે. આ ખુસૂસીયત થી ગૈબની વાતોની ખબર મિલે છે. તમામ પડદાઓ ઊઠી જાય છે અને ફરિશ્તાઓ એને નઝર આવે છે. અલ્લાહતઆલા જે આલેમુલ ગૈબ છે, તે હર કોઈને પોતાના ગૈબના ઈલ્મ પર આગાહ નથી કરતો, સિવાય તે શખ્સ ને કે જેને તે રિસાલત-નુબૂવત વાસ્તે પસંદ કરી લે છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ આપના મુરબ્બી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસેથી તમામ ચીઝોનું ઈલ્મ હાસિલ કીધું અને આપે બર-સરે મિમ્બર ફરમાવું કે, મારા સામે તે તમામ ચીઝો ખુલ્લી છે, જે આમ ઈન્સાન વાસ્તે છુપેલી-પોશીદા હોય છે. આ ચીઝોને ઈન્સાન વાસ્તે એની ઝિંદગીની આખિરી ઘડીઓમાં દેખાડવામાં આવે છે. જે મિસિલ અલ્લાહતઆલા ફરમાવે છે કે, હમેં તારો પડદો ઉઠાવી લીધો છે, બસ આજે તારી આઁખો તૈઝ છે. યાઅની, મરવાવાલો એની ઝિંદગીના આખિરી લમ્હાઓમાં ફરિશ્તાઓને જોઈ છે, જે તે શખ્સને એના હાલાતે આખેરતથી ખબરદાર કરે છે.

મરવાવાલો મુમિન પણ હોય છે અને કાફિર પણ. મુમિન વાસ્તે ફરિશ્તા ખુશખબરી આપે છે, જેને મુબશ્શિર-બશીર કહેવાય છે. આનાથી બરખિલાફ કાફિરને એના બુરા અંજામથી ડરાવે છે, જેને મુન્કર-નકીર કહેવાય છે. હરએકે પોતાની આખેરત વાસ્તે તેની ઝિંદગીમાં જે કઇ અમલ કીધા તે તમામને આ દુનિયામાંથી જાતા પહેલા જોઇ લેશે. એ માઅલૂમ કરી લેશે કે, આખેરતમાં એનું ઠેકાણું કઇ જગા છે, જન્નતમાં કે જહન્નમમાં.

આથી ઈન્સાન જિસ્માની આલમમાં હોવાના સબબ **દુનિયાની શહેવતોમાં ફસાયેલો છે અને દુનિયાદારીમાં મશ્ગૂલ છે.** ઈલ્મે ગૈબના તરફ એનો તવજ્જોહ બિલકુલ નથી, બલકે મરવા બાદની ઝિંદગી પર પણ એને યકીન નથી. આવા શખ્સો વાસ્તે અલ્લાહતઆલા ફરમાવે છે કે, આ લોગો આતિશે જહન્નમ ને યકીનન પોતાની આઁખોથી જોશે. દુનિયામાં જે ગુમ્રાહી અને જેહાલતના પડદા એની આઁખોં પર પડેલા છે તે વફાતના વક્ત ઉઠી જાશે અને એના સામે તમામ ગૈબ ઝાહિર થઈ જાશે.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**હું નથી જોતો હજ્જને મગર તે રોઝી લાવે છે.**

## લફઝી કશ-મ-કશ

**❋ ઉભી તરકીબ :**

૧) અપને અપના મૌલા મુશ્કિલકુશા મૌલાના અલી (અ.સ.) ને પુકારીએ છીએ તો “બિન” પછી શું બોલીએ છીએ, _______ તાલિબ ? (૨)

૨) જે શખ્સ તેના સામે બીજા શખ્સને કોઇ વાત કહે, ખિતાબ કરે તો તેને શું કહેવાય છે ? (૩)

૩) કુરઆન મુજબ જો ઝાહિરી દાઅવત, “સલાત” છે તો પછી બાતિની દાઅવત “સ____ર” છે. (૩)

૭) અલ્લાહતઆલાની તસ્બીહ આ જહાનની હર ચીઝ, મુર્દા યા ઝિંદા, દિન-રાત કરે છે. દિનને રોઝ કહેવાય તો રાતને શું કહેવાય ? (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**❋ આડી તરકીબ :**

૨) શયતાની લોગોમાં કુફ્રની નાપાકી ભરેલી હોય છે. નાપાકી ને “ખબાસત” કહેવાય તો નાપાક શખ્સને શું કહેવાય ? (૩)

૩) મુમિન દુનિયામાં રહીને આખેરત વાસ્તે _______ કરે છે. બીજા લોગો ફક્ત દુનિયા પુરતી ફસલ ઉગાવે છે. (૨)

૪) દોઆના સબબ અલ્લાહતઆલા ઈબાદતગુઝારને આફતો બલાથી _______ કરે છે. (૨)

૬) ઈન્સાન, _______ છે, ભુલ થઈ જાય. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | યા | | |
| | મ | દ | દ | |
| બી | ક | X | ખ | રી |
| | ર | સૂ | લ | |
| | | ખી | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✩

## એક આઅલા ઝિંદગી..............કઈ તરહ ?

હર ઘડી અલ્લાહથી ડરતા રહો.

ઇબાદતમાં બિલકુલ સુસ્તી ન કરો.

નેક અને પરહૈઝગાર લોગોની સોહબતમાં રહો.

કોઇને જાણી જોઇને ઝરા પણ ઇઝા યા તકલીફ ન પહોંચાડો.

ગલતી થઇ જાય તો મુખ્લેસાના મઆફી માંગો.

ગુનાહ થઇ જાય તો દિલથી તૌબા કરી લો.

અલ્લાહતઆલાની હર નેઅમતનો શુક્ર અદા કરતા રહો. ✩

**હું નથી જોતો તંગીને મગર તે બરકત લાવે છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૫૦

### બાવાજીની ખિદમત અને અલ્લાહતઆલાની ઇબાદતનો ગહેરો જઝબો

તમામ ઓલાદને પોતાના માઁ-બાવાજી અઝીઝ હોય છે. દિલના કરીબ હોય છે. એમનું મન દુખે તે કોઈને કુબૂલ-મન્ઝૂર હોય નહીં. હરએક એના માઁ-બાવાજીને ખુશ રાખવાની ખ્વાહિશ કરતા હોય છે. કેટલા તો એવા હોય છે કે, ફક્ત નામ ખાતિર ખિદમત કરતા હોય મગર જે વકત હકીકી ખિદમત કરવાની નૌબત આવે તો મૂઁહ છુપાવીને નાસી જાય છે અને હઝાર બહાનાનો પહાડ ઉભો કરી દે છે. **આજે પોતાના આરામ, પૈસા અને વક્તને કુરબાન કરવા કોઇ તૈયાર નથી.** માઁ-બાવાજી વાસ્તે પણ નહીં. લંબી-લંબી વાતો કરનાર તો ઘણા મિલશે, નસીહતો કરનાર પણ ઘણા મિલશે, મગર અમલ કરવાની વાત આવે તો અચ્છા-અચ્છાના પસીના છુટી જાય છે. અરે ! ખિદમતે વાલેદૈન તો દુનિયાની તમામ નેઅમતો પર ભારી છે. ગોયા કે, દુનિયામાં જ જન્નત છે અને આખેરત કમાવવા વાસ્તે અઝીમ ઝાદ છે.

**પહેલો રૂખ :**

બની ઈસરાઈલની કૌમમાં એક ઈબાદતગુઝાર જવાન હતા કે જેનું નામ “તૂતા અલ-આબિદ” હતું. એની આદતે શરીફહ એ હતી કે, પૂરા દિન પોતાના ઝઈફ બાવાજીની ખિદમત કરતા હતા, હર સખુનને સર-આઁખો પર ચઢાવતા હતા. જે વક્ત રાતે બાવાજી સુઇ જાય તો આ જવાન મસ્જિદમાં જઈને રાતભર ઈબાદત કરતા હતા. **બાવાજી વાસ્તે ઉમ્રદરાઝીની દોઆ કરતા હતા.** બાવાજીની ઔર ઝિયાદહ ખિદમત નસીબ થાય એમ ઉમ્મીદ રાખતા હતા. આ તે સબબથી કે, એના બાવાજી નાબીના હતા, આઁખોનું નૂર ચાલું ગયું હતું. ઈબાદતથી ફારિગ થાય અને સવાર પડે કે, પાછા ખિદમતે વાલિદમાં લાગી જાતા હતા.

એક રાતે એવું બનું કે, આબિદ મસ્જિદમાં ઈબાદત વાસ્તે જઇ ચુકા હતા અને બાવાજીને પાની પીવાની હાજિત પૈશ આવી. પ્યાસ ઘણી શદીદ હતી પણ બાવાજી ઘરમાં તન્હા હતા અને કોઈ મદદ કરનાર હતું નહીં. બાવાજી આહિસ્તા-આહિસ્તા પાની પીવા ગયા, પાની પીધું અને દીવારનો સહારો લઈને દરવાઝા તક પહોંચા, દરવાઝો બંધ કીધો અને બિસ્તર પર જઈને સુઇ ગયા.

ફજરમાં આબિદ ઈબાદત કરીને ઘર તરફ પાછા આવા. શું જોઈ છે કે, દરવાઝો તો બંધ છે ! દિલમાં ખયાલ કીધો કે, મૈં તો અટકાવીને ગયો હતો. બાવાજી તો સુતેલા હતા તો કૌન આવું હશે કે, **દરવાઝો અંદરથી બંધ કરી દીધો !** આબિદ કશ-મ-કશમાં પડી ગયા કે અંદર બાવાજીનો શું હાલ હશે ? ઘભરાહટમાં બાવાજીને આવાઝ લગાવી મગર અંદરથી કોઈ જવાબ ના આવો. મુસલસલ પુકારા કીધા બાદ પણ કોઈ આવાઝ જે વક્ત ના આવો, તો આબિદે દરવાઝાને હાથથી ખટખટાવો.

બાવાજી દરવાઝાનો આવાઝ સાંભલીને જાગી ગયા. યાદ આવું કે, સુતા પહેલા દરવાઝો બંધ કીધો હતો. આહિસ્તાથી ઉઠા અને દરવાઝો ખોલો. આબિદને લાગું કે, બાવાજીના ચહેરા પર થકાન છે અને નિંદનો અસર માઅલૂમ પડતો હતો. તૂતા અલ-આબિદે ઘણી જ ઈન્કેસારીથી પૂછું કે, અય બાવાજી ! **શું મૈં તમને ઊંઘથી ઉઠાડા, ખલલ પહોંચાડી ?** બાવાજીએ રાતની પાની પીવાની વાત કહી અને દરવાઝો ઠોકવા પર એ ગહેરી નિંદથી ઉઠીને આવા, એમ કહ્યું.

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**હું નથી જોતો માતમે હુસૈન (અ.સ.) ને મગર તે ચહેરાનું નૂર લાવે છે.**

(પેજ નં. ૯ નું બાકી)

આબિદ આ સાંભલીને ખૂબ જ રંજીદા થયા, ગમગીન થયા અને દિલમાં ને દિલમાં અફસોસ કરવા લાગા. બાવાજીને તકલીફ થઈ, તે વાત એને ખૂબ સતાવવા લાગી. બેચૈનીમાં અય્યામો ગુઝારતા ગયા. ઘણી વાર મુઆફી માંગી પણ તે તમામ કરવાના બાવુજૂદ આબિદના દિલથી બેકરારી દૂર થાતી નહતી. આખિરકાર, આબિદે પોતાનો તે હાથ કાપી નાંખો કે, જેથી એ દરવાઝો ઠોકો હતો અને જેના સબબ બાવાજીને નિંદમાં ખલલ થઈ હતી.

આબિદનો કપાયેલો હાથ જોઈને લોગો દંગ રહી ગયા. પૂછ્યું કે, તમેં શું કામ આમ કીધું ? કહ્યું કે, અય ભાઈઓ ! હું નથી ચાહતો કે, જે હાથથી મેં ઘરનો દરવાઝો ઠોકો અને મારા બાવાજી જાગી ગયા અને ઝહેમત ઉઠાવીને દરવાઝો ખોલવા આવા, તકલીફ પડી, તો તે ગુનાહગાર હાથ મૈં મારા સાથે રાખું. **તેના સબબ મૈં તેને મારાથી અલગ કરી દીધો.** આ અમલથી આબિદ લોગોમાં ખૂબ મશ્હૂરો-માઅરૂફ થઈ ગયા. એની ઈબાદતગુઝારી અને ખિદમતગુઝારીની લોગો મિસાલ આપવા લાગા.

**બીજો રૂખ :**

તૂતા અલ-આબિદના ઝમાનમાં તાલૂત બાદશાહની હુકમરાનીનો શોહરો હતો, દબદબો હતો. એની દીકરી જવાન હતી અને તાલૂત એની શાદી કરાવવા ચાહતા હતા. દીકરીના દિલમાં ઈબાદતનો શૌક જાગો. દીકરીએ કહ્યું કે, “અય બાવાજી ! તમારા હુકમ મુજબ હું શાદી કરવા તો તૈયાર છું, પણ તે પહેલા હું એક સાલ તક મસ્જિદમાં ઈબાદત કરવા ચાહું છું. તે એ મુજબ કે, મારા સાથે કોઈ એવા શખ્સ હોય જે મારા સાથે ઈબાદત કરે અને તેના વાસ્તે મને મદદ કરે.”

તાલૂત સોચવા લાગા કે, મૈં મારી દીકરીને ઈબાદત વાસ્તે ઈન્કાર કરી શકું એમ નથી. મગર તે વાસ્તે મને કોઈ પરહેઝગાર શખ્સની તલાશ કરવી પડશે, **જે મારી દીકરીને ઇબાદત કરવામાં મદદ કરે.** તેનો તમામ ઈન્તેઝામ કરે અને હિફાઝત કરે. થોડા અય્યામ ગુઝરા હશે કે, બાદશાહના એક વઝીરે તૂતા અલ-આબિદની ઝિક્રે ખૈર કીધી અને કઈ તરહ એનો હાથ કાપવાની વારેદાત બની, તે કિસ્સો કીધો. ફૌરન બાદશાહના દિલમાં વાત પૈદા થઈ કે, મારી બાદશાહતમાં તમામ કરતા ઝિયાદહ ભરોસેદાર શખ્સ તૂતા અલ-આબિદ જ છે.

વઝીર તૂતા અલ-આબિદના ઘર પર ગયા . એ બાવાજીની ખિદમતમાં લાગેલા હતા. વઝીરે કહ્યું કે, “અય આબિદ ! તાલૂત બાદશાહ તમને મહેલમાં બોલાવે છે અને તમને ઈઝ્ઝત બખ્શવા ચાહે છે.” આબિદે બાવાજીની ખિદમતનો ઉઝ્ર પૈશ કીધો. નાબીના બાવાજીએ કહ્યું કે, “અય દીકરા ! **તમેં બાદશાહનો હુકમ ના ટાલો.** તમેં કોઈ ખાદિમને મુકી જાવ, મને કોઈ ઝહેમત નહીં પડે.” વઝીર સાથે આબિદ બાદશાહના પાસે ગયા અને બાદશાહે તેના દિલની વાત અને દીકરીની તમન્ના આબિદને નઝદીક પૈશ કીધી.

આબિદે બે હાથ જોડીને કહ્યું કે, “અય બાદશાહ ! આ અમર તો મારા વાસ્તે ખૂબ સખ્ત છે. મારા ઘરમાં મારા બાવાજી છે. એની ખિદમત મારા પર હર લમ્હા વાજિબ છે. મને મારા બાવાજીની રઝા લેવી પડે. હું ઈલ્તેજા કરૂં છું કે, **આપ મને એક મહીનાની મોહલત આપો.**” બાદશાહે મોહલત આપી. વઝીરે કહ્યું કે, “અય આબિદ ! હમેં તમને તમારા બાવાજીની ખિદમતથી અલગ કરવા નથી ચાહતા. જે જગા તમેં બાદશાહની દીકરી સાથે ઈબાદત કરશો તેના બાઝૂમાં જ હમેં તમારા ઝઈફ બાવાજી વાસ્તે રહેવાનું મકાન બનાવી આપીશું. તમારા બેવે મકસદ હલ થઈ જાશે. ઈબાદતનો અને ખિદમતનો.”

આબિદને આ વાત માઅકૂલ લાગી અને એના દિલમાં સુકૂન થયું. આ હકીકતથી આબિદે એના બાવાજીને

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**હું નથી જોતો તિલાવતે કુરઆનને મગર તે સુકૂને દિલ લાવે છે.**

(પેજ નં. ૧૦ નું બાકી)

ખબરદાર કીધા. બાવાજીએ રઝામંદી આપી અને કહ્યું કે, **"અય મારા દીકરા ! તમને જે મુજબ બાદશાહ કહે એ મુજબ કરજો. મગર એ જોજો કે, તમેં તમારૂં ફરઝ ના ચુકી જાવ."** જે વક્ત આબિદને લાગું કે, હવે બાદશાહની દીકરી સાથે ઈબાદત કરવા સિવાય કોઈ છુટકો બાકી રહ્યો નથી, તો એ ખંજરથી પોતાની શરમગાહ કાપી નાંખી. તેને એક બંધ ડબ્બીમાં મુકી દીધી અને જે ઝખમ થયો હતો તે વાસ્તે હકીમ પાસે જઈને એક મહીના તક દવા કીધી. અલ્લાહતઆલાએ તેનાથી શિફા આપી.

એક મહીનો પૂરો થયો કે વઝીર પાછા તૂતા અલ-આબિદના ઘર પર આવા. કહ્યું કે, "અય આબિદ ! ચલો, મારા સાથે. બાદશાહ તમને યાદ ફરમાવે છે. તમારા ઈસ્તિકબાલ વાસ્તે પૂરો મહેલ સજાવેલો છે. તમારા બાવાજી વાસ્તે ખાસ મકાન તૈયાર કીધું છે. તમેં કોઈ પણ ચીઝની ઝરા પણ ફિકર ના કરો." આબિદ વઝીરના સાથે બાદશાહ પાસે ગયા અને પહેલા પોતાના બાવાજીની રેહાઈશ અને આરામ વાસ્તેના બંદોબસ્તનો સવાલ કીધો. જે નવો કમરો બાવાજી વાસ્તે બનાવો હતો તે બતાવવા બાદશાહ આબિદ સાથે ગયા. બાવાજીને તે મકાનમાં આરામ કરવા કહ્યું અને સાથે આબિદે અરઝ કીધી કે, **"અય બાદશાહ ! હું આપને સાથે તન્હા ગુફતગૂ કરવા ચાહું છું."**

જે વક્ત બાદશાહ અને આબિદ એકલા થયા, તો આબિદે શરમગાહ વાલી ડબ્બી બાદશાહને સિપુર્દ કીધી. કહ્યું કે, "આ મારી અમાનત છે અને આપ તેને આપના ખઝાનામાં મહેફૂઝ કરી લો, કેમકે, વક્ત આવશે તો તેની હકીકત આપના નઝદીક ખુલી જાશે." બાદશાહે તે મુજબ જ કીધું અને પોતાની દીકરીને મસ્જિદમાં ઈબાદત વાસ્તે આબિદ સાથે કરી આપા.

મસ્જિદમાં ઈબાદત કરતા કરતા દીકરીને એવી લૌ અને શૌક લાગો કે એક સાલ કઈ તરહ ખત્મ થઈ ગયું, તે ખબર જ ના પડી. એક સાલ બાદ જે વક્ત બાદશાહ દીકરીની ખૈરો આફીયત પૂછવા ગયા તો દીકરીને ખુશ-ખુશ પાયા. એના દિલને ઈત્મિનાન થયું અને ચાહ્યું કે, હવે હું મારી દીકરીની શાદી ખૂબ શાનો શૌકતથી કરીશ. મગર દીકરીએ અરઝ એવી કીધી કે, બાદશાહ ના અરમાન તકમીલ પર ના પહોંચી શકા. દીકરીએ કહ્યું કે, "અય બાવાજી ! તમેં મને ઈબાદતથી ના રોકો, **મને આ આબિદ સાથે બીજું એક સાલ ઇબાદત કરવાની ઇજાઝત આપો.**" બાદશાહે દીકરીની અરઝ કુબૂલ રાખી.

ઈબાદતના બે સાલ પૂરા થયા અને દીકરી બાદશાહના નઝદીક આવી. આબિદની ખૂબ તાઅરીફ કીધી. બાદશાહે આબિદને બોલાવા. આબિદે કહ્યું કે, બાવાજીની ખિદમત કરીને મગરિબ બાદ હું આવીશ. જે વક્ત આબિદ મિલવા ગયા તો બાદશાહને ખઝાનામાં મુકેલી તે ડબ્બીની યાદ અપાવી. બાદશાહે ફૌરન તે મંગાવી અને તેને ખોલીને જોવાની ખ્વાહિશ જતાવી. આબિદ ના કહી શકા નહીં ! બાદશાહે ખોલીને જોયું તો તેમાં સુકાયેલી શરમગાહ હતી. બાદશાહ પરેશાન થઈ ગયા અને પૂછું કે, "અય આબિદ ! આ શું માજરો છે ? તમેં આમ શું કામ કીધું ?" આબિદે જવાબમાં કહ્યું કે, "ઈન્સાન ઝબાન અને શરમગાહથી ગુનાહ પર સવાર થાય છે. જો આ મારી શરમગાહ મારા સાથે હોત તો શાયદ મારા દિલમાં શયતાની વસવસો પૈદા થાત. લેહાઝા, આપની અઝમત અને ઈબાદતના તકાઝા ખાતિર હુંએ **વસવસાની જડને જ કાપી નાંખી !** "

આબિદના આ હૈરતઅંગૈઝ અને ઈબરતનાક જવાબ સાંભલીને બાદશાહ અને વઝીર આફરીન પુકારી ઉઠા. એના કિસ્સા પૂરી બાદશાહતમાં મશ્હૂર થઈ ગયા. બાદશાહે એને ઈન્આમો-ઈકરામથી નવાઝા અને પોતાના ખાસ ખાદિમ તરીકે રાખી લીધા. આ તરહ અલ્લાહતઆલાએ આબિદને ખિદમતો ઈબાદતના સિલા અને અજરમાં ઈઝઝતો એહતેરામ બખ્શો અને બેહતર ઝિંદગી ઈનાયત કીધી. ☆

**હું નથી જોતો ભાઈઓની મોહબ્બતને મગર તે ઉમ્રદરાઝી લાવે છે.**

(પેજ નં. ૭ નું બાકી)

અકીદો ૨૪ : **જિન્નાતનો વુજૂદ હક્ક છે.**

હમેં એમ માનીએ છીએ કે, જે મુજબ અલ્લાહતઆલાએ ઈન્સાનને પૈદા કીધા છે, તેમ જ જિન્ન પણ અલ્લાહની મખ્લૂક છે. તેમાં કોઈ જ શક નથી કે, અપના દરમિયાન તે મૌજૂદ છે. જેમ સૂરતુલ જિન્નના બયાનથી ઝાહિર થાય છે કે, ઈન્સાનની નિગાહથી જિન્નાત પોશીદા હોય છે. અલ્લાહતઆલાએ તેને આગની તબીઅતથી પૈદા કીધા છે. **જેમ આગનું કોઇ મૂઁહ, જેહત-દિશા હોતી નથી તે મુજબ જિન્નાત છે.** તેઓની ઘણી કિસ્મો છે. જિન્નાત માંથી થોડા આ દુનિયાના માહૌલમાં યાઅની આલમે તબીઅતમાં રહે છે અને થોડા બીજા આલમમાં રહે છે, જેઓને ઈન્સાનથી કોઈ તઅલ્લુક હોતો નથી.

જે જિન્નાત આ દુનિયાના માહૌલમાં રહે છે તેઓ ઈન્સાન સાથે હિલીમિલી જાય છે અને ઈન્સાન સાથે જ ઘરોમાં મૌજૂદ હોય છે. ઈન્સાનને આ જિન્નાત યા તો હેરાન-પરેશાન કરે છે - નૂકસાન પહોંચાડે છે યા ફાયદો-આરામ પહોંચાડે છે. બીજા બયાનમાં આવું છે કે, તેઓ દુનિયાની એક મખ્લૂક છે. માટી-પાની સિવાય આગ-હવાની કૈફીયતના હોય છે. જેમાં આ બે ચીઝોની તરકીબ-બંદિશ ઝિયાદહ હોય છે, તો તે વક્ત તે ચંદ લોગોને નઝર આવે છે. આવાઝ-પુકાર કરે છે. જે જિન્નાતમાં અલ્લાહે માટીની કૈફીયત મુકી હોય તો તે ઈન્સાન જેમ જિસ્મની શિક્લ ઈખ્તેયાર કરે છે. **જિન્નાત કાફિર પણ હોય છે અને મુમિન પણ.**

જિન્નાતના વુજૂદની મોટામાં મોટી દલીલ એ છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનમાં ઘણા કિસ્સાઓમાં જિન્નાતનું બયાન આવે છે અને મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ તો જિન્નાત સાથે જંગ કીધેલી છે અને તેઓને કૂવામાં મારા છે. કેમકે, આપ મૌલા જેમ જિસ્માની આલમમાં હતા તેમ રૂહાની આલમમાં પણ હતા. આપ ગૈબને - જિન્નાતને જોઈ શકતા હતા. આના સિવાય ફરિશ્તાઓ જેમ જિન્નાતની મંઝિલોની ઘણી તાવીલી માઅના બયાન થયેલી છે, જે તમામ હક્ક છે. આ બયાનો અક્લ અને શરીઅતના મીઝાનમાં ખરા ઉતરે છે, ના કે એકબીજાથી નાઈત્તેફાકી પૈદા કરે છે.

અકીદો ૨૫ : **અલ્લાહતઆલા તરફથી વહ્ય ઉતરવી હક્ક છે.**

અલ્લાહતઆલાએ લાતાઅદાદ બંદાઓમાંથી ઝમાન-દર-ઝમાન, વક્ત-દર-વક્ત કોઈ એક નૈકોકાર મુખ્લિસ બંદાને પસંદ કીધા છે અને તેને નૂર, ઈલ્મ અને હિકમત આપેલી છે. આ ત્રણ નેઅમતોના સબબ એની જાન બીજી મખ્લૂકે ઈન્સાની કરતા અફઝલ-અકરમ-બરતર થઈ જાય છે. તો અલ્લાહ તે ખાસ બંદાને રસૂલની મંઝેલત આપે છે અને તેના જાન પર આલમે અક્લ અને આલમે કુદસથી અક્લે અવ્વલના ઝરીએ જે અમર યા કલામ નાઝિલ ફરમાવે છે અને આ ઈલ્મી તાઈદ, **આ રસૂલ અલ્લાહની બારગાહથી કુબૂલ કરે છે, તેને વહ્ય કહેવાય છે.**

આની માઅના એ થાય છે કે, અલ્લાહતઆલા તરફથી પોતાના તમામ બંદાઓને દરમિયાન ઈલાહી ઈલ્મ તકસીમ કરવા તેઓ માંથી જ કોઈ એકને રસૂલ બનાવે છે, જેની નફસ-જાન તાઈદે રબ્બાની કુબૂલ કરવા વાસ્તે તૈયાર હોય છે અને તેને કબૂલ કરીને લોગોમાં વહ્યના નામથી પહોંચાડે છે. આ વહ્યમાં કોઈ રદો બદલ કરી શકતું નથી, બલકે જે રસૂલને મિલું તે હરફન-હરફન, લફઝન-લફઝન લોગોને પહોંચાડી દે છે. **આમાં કોઇની મરઝી, રાય, અનુમાન-કિયાસ અને મનમાની નો કોઇ હિસ્સો હોતો નથી.** ફક્તને ફક્ત આ વહ્ય ઈલાહી હુકમને તાબેઅ હોય છે.

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**હું નથી જોતો ખિદમતે કૌમને મગર તે ઈઝ્ઝત લાવે છે.**

## દરસે કુરઆને કરીમ

### સૂરતુલ બકરહ - ૨૪, ૨૫ અને ૨૬

(૨૪) **તમેં સચ્ચાઇ પર નથી, તો તમેં ન તો કોઇ કુરઆન જેવી સૂરત લાવી શકશો અને ન તો તમેં તે વાસ્તે કોઇને હાઝિર કરી શકશો. આ ચીઝ તો તમેં નહીં કરો અને હરગિઝ નહીં કરી શકો. તો પછી, ડરો તમેં તે આગથી કે જે આગનું બળતણ-ઇંધન આદમીઓ અને પત્થરો છે. આ આગ તૈયાર કરવામાં આવી છે મુન્કિરો વાસ્તે.**

કાફિર લોગો-હક્કનો ઈન્કાર કરનાર હર ઝમાનામાં મૌજૂદ હોય છે. કાફિરોના દરમિયાન જ નબી-રસૂલ મબ્ઊસ થાય અને હિદાયત દેવાની ઝિમ્મેદારી ઉઠાવીને તે લોગોને દાઅવત તરફ બોલાવે. હક્કની દાઅવતના ઊસૂલ-અરકાન તે જ વક્ત મઝબૂત થાય કે, જે વક્ત હક્કના દાઈ (નબી) જેના હાથમાં દાઅવતની લુગામ હોય તેના સામે હિઝબુશ્શયાતીન યાઅની શયતાન-સિફત લોગોની જૂથબંધી અને મોરચો હોય. આ શરીઅતને અને દીને મોહંમદીની હકીકત છે.

હમને ખબર છે કે, પાનીના બહાવને રોકવા વાસ્તે યા બદલવા વાસ્તે પત્થરોની ઝરૂરત પડે છે. પણ પાનીમાં તે કૂવત હોય છે કે, તે પત્થરોની ચટ્ટાનને પણ કાપી નાખે છે. તેની તાકતથી એવી હોય છે કે, પત્થરોને ઉથલાવીને આગલ વધી જાય છે. આ પાની તે, દાઈ (નબી) ની દાઅવત અને એની પુરજોશ શરીઅત છે. પત્થરો તે કાફિરોના બદઈરાદા અને ચાલબાઝીની રૂકાવટો છે. આ રૂકાવટોને માત આપીને ઈમાનદારો શરીઅતથી વિલગી રહે છે. શરીઅતમાં એટલી તાકત હોય છે કે, તે પત્થર દિલને પણ ઓગાલી દે છે. શરીઅતનો પાનીનો બહાવ ઝાહિરમાં પણ, બાતિનમાં પણ અને લંબાણથી પણ હોય છે. મગર પત્થર ફક્ત ઝાહિરમાં, એક જગા પર કૈદ અને બેજાન હોય છે.

(૨૫) **અય અલ્લાહના નબી ! તમેં ખુશખબરી સંભલાવો તે લોગોને જે ઇમાન લાવા અને નૈક કામો-આઅમાલે સાલેહાત કીધા. આ બે સિફતોના સબબ તેઓ વાસ્તે બાગ છે કે, જેના નીચેથી નદીઓ વહે છે. ઝરણાઓ જારી થાય છે. જે વક્ત પણ તે ઇમાનદારોને મેવા ખાવા મિલશે, તો તેઓ કહેશે કે, આ મેવા તો તે જ છે કે જે હમને પહેલા મિલા હતા અને તે સઘલાને એક સરખા મેવા આપવામાં આવા હતા. તે ઇમાનદારો વાસ્તે તે જન્નતોમાં પાકીઝા બૈરાઓ છે અને તેઓ તેમાં હમેશા રહેશે.**

આ આયતે શરીફહથી ઈલ્મ થાય છે કે, જન્નતી લોગોને બશારત (ખુશખબરી) મિલે છે અને જહન્નમીને નઝારત (ધમકી) મિલે છે. ખુશખબરી ખુશી આપે અને ધમકી ડરાવે છે. ખુશીના સાથે સવાબે ઈલાહી જોડાયેલો છે અને ડર સાથે અઝાબે ઈલાહી છે. ખુશ-ખબરીની શરત એ બતાવવામાં આવી છે કે, તે એ શખ્સને જ આપવામાં આવે કે જે ઈમાન અને નૈકીની શરતોને બરાબર બજા લાવતો હોય. જો આ ના હોય તો તેને જન્નતી કહેવાય નહીં.

જન્નતની સિફતમાં અન્હાર-નહેરોંનું બયાન છે. હરએક નબી પોતાની રૂહાની કૂવતમાં એક આઅલા જન્નત છે. એ સાહેબને માનનાર મુમેનીન જન્નતી છે. આ નબવી જન્નતમાં નહેરોંનું જારી થાવું તે નબીની આલ અને શરીઅત છે. કોઈ વક્ત પણ આ નહેરો સુકાશે નહીં. તેના સબબ જન્નતી લોગોને મેવાઓ આપવામાં આવશે. આ મેવાઓ હિકમત અને કિતાબનું ઈલ્મ છે. આ ચીઝોમાં લઝ્ઝત ઘણી છે. મેવાઓ એક જેવા જ લાગતા હોય મગર તેને જમવાના તરીકા જુદા-જુદા છે. હર ઈલ્મ જાનો દિલને નૂર બખ્શે છે મગર તે ઈલ્મને હાસિલ કરવાના તબકા અને મંઝિલો છે. ઝહેની કૂવત મુજબ ઈલ્મ શીખી શકાય. હઝમ કરવાની તાકત મુજબ મેવાઓ જમી શકાય.

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**હું નથી જોતો ઈતાઅતે દાઈને મગર તે હમેશાની નેઅમતો લાવે છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

આ જન્નતમાં ફક્ત તન્હા મરદો નથી કે તન્હા બૈરો નથી. મગર બેવેની જોડીઓ બનેલી છે. જેમ મરદ-બૈરો આ દુનિયામાં નિકાહના રિશ્તાથી જાડાય છે, તેમ જન્નતમાં હશે. હમેશાના રિશ્તા હશે. આલે મોહંમદ (સ.અ.) ના ઈમામે હક્કના વસીલા અને અકીદાથી જે નિકાહ થયા હોય તે જ નિકાહ તૈયેબો તાહેર કહેવાય. તેનાથી થાનારી નસલ જ નસલે હલાલ કહેવાય. આ નસલે હલાલના શાહિદ, મુન્ઈમ અને મુફીદ તે ઈમામુઝઝમાન (અ.સ.) છે. આપના મુબારક સાયામાં આ નસલે હલાલના મુમેનીનને આઅલા મુકામ મિલશે. આ નસલ વાસ્તે "હુમ ફીહા ખાલેદૂન" છે.

(૨૬) **ઝરૂર, અલ્લાહતઆલા કોઇની મિસાલ બયાન કરવામાં શરમાતા નથી. આ મિસાલ એક મચ્છરની છે અને તેના કરતા પણ કોઇ નાનું જીવ. હવે મુમેનીન તો જાણે છે કે તે હક્ક છે, સાચી નિશાની છે એના રબ તરફથી. જે લોગોએ કુફ્ર કીધો તેઓ કહે છે કે, આ મચ્છરની મિસાલ આપીને અલ્લાહતઆલા એ શું ઇરાદો કીધો ? જેથી ગુમ્રાહ કરે ઘણાને અને હિદાયત દે ઘણાને, સાચી વાત તો એ છે કે, અલ્લાહતઆલા એવા જ લોગોને ગુમ્રાહ કરે છે કે જે ફાસિક છે.**

અલ્લાહતઆલા ઈન્સાનની ફિકર કરવાની હૈસીયત-તાકત મુજબ આયતે શરીફહ ફરમાવે છે. કોઈ નાની વાત કહેવામાં યા નાનું કામ કરવામાં ઈન્સાન શરમ મહેસૂસ કરે છે. તો યહાઁ અલ્લાહતઆલા ફરમાવે છે કે, કોઈ મિસાલ બયાન કરવામાં શરમ શાની ? ને જો આ મિસાલ હક્ક પર હોય તો શરમની કોઈ ગુંજાઈશ રહેતી જ નથી ! એક મચ્છર કે જે ખૂબ જ માઅમૂલી, હલકું અને નાનું જીવ છે તેની મિસાલ યહાઁ પર છે. મોટા હાથીના કાનમાં મચ્છર ચાલો જાય તો તેનાથી હાથીની જાન પણ જઈ શકે છે.

જબ્બાર ઝાલિમ બાદશાહ ગમે તેવા હાથી જેમ કદાવર અને મોટા બદનનો હોય, તાકત રાખતો હોય, મગર હક્ક વાત કહેનાર એક નાનો મુમિન તેના વાસ્તે બરબાદીનો સબબ બની શકે છે. જેમ નિમ્રૂદ બાદશાહ સાથે બનું કે, જેના કાનમાં મચ્છર જાવાથી તે હલાક થયો અને પોતાનો જાન ગુમાવો. જેમ આજે ગદ્દારો સામે બાગે હસનમાં બેસનાર હક્કના મુમેનીનનો મુખ્તસર જુમ્લો જ કાફી છે. ૩૧ માં દાઈએ મુત્લક સૈ. હસન બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ની અહમદાબાદમાં જગા બચાવવાની જેહાદની આવાઝ દુશ્મનાને કૌમ બરદાશ્ત નથી કરી શકતા. જેમ એક નાનો મચ્છર કાનના નઝદીક આવાઝ કરે છે તો સહન નથી થાતું, એવો જ આવાઝ હક્કનો છે જે બાતિલના કાન સહન નથી કરી શકતા.

ફાસિક લોગો એવા જ હોય જે પોતાની બદમઆશી, બેશરમી, બેગૈરતી, નિફાક, દુશ્મની, નાફરમાની, ઈબ્લીસીયતથી બાઝ ના આવે. મગર અલ્લાહતઆલા એની ઈન્સાફની લાઠીથી તેઓની કમર તોડશે. અલ્લાહતઆલાએ આપેલી આ પુરહિકમત મિસાલથી કેટલા લોગો હિદાયત પણ લે છે અને કેટલા ગુમ્રાહીની ગેહરાઈમાં ખેંચાતા જાય છે. ગમે તેવી હક્કની નિશાનીઓ તેઓની આઁખોની સામે આવે પણ લિબાસે ગુમ્રાહી પહેરીને રહેવું તેઓની બદખસ્લત બની ચુકી હોય છે. આ કાલા લિબાસને તેઓ હરગિઝ નહીં ઉતારે. ✩

---

(પેજ નં. ૪ નું બાકી)

**નિગલ ગઈ દુશ્મને હસન કો કૈસે ઝમીને શામ, ન રહી કબ્ર, ન રહા તખ્ત, ન રહા નામ,**
**યૂઁ તો હઝારો દુશ્મને હક્ક મિટ ગએં, મિટ જાએંગે, સુધર જા, અય નાદાઁ, ઉસ સે પહેલે હો ઝિંદગી કી શામ.**

**તુમ્હારે કામ મેં ચોરી હે, ઔર હે સોચ ભી ખોટી, પરાયા માલ ખા ખા કર બહોત ચમડી હુઇ મોટી,**
**યે ગદ્દારી કે કીચડ મેં સડેગા જિસ્મ તુમ સબ કા, યે હક્ક કહેતા હે બચ પાયેગી ન હડ્ડી ન એક બોટી.** ✩

**હું નથી જોતો ઈલ્મ પઢવાને મગર તે નફ્સમાં તાકત લાવે છે.**

## કસીદહ નિકાહીયહ હાતિમીયહ સઈદીયહ

**૪-૪-૧૪૪૨ હિ., જુમેરાત**

યે મહેફિલ એક ફલક હે જિસ મેં તારેં જગમગાતેં હૈં,
ફલક કો તખ્તે નૂરે હક્ક સે યે મૌલા સજાતેં હૈં.
યે શાદી એક ચમન હે જિસમેં ખિલતેં હૈં હઝારોં ફૂલ,
મોહબ્બત કા ઈસી સે આજ ગુલદસ્તા બનાતેં હૈં.
સઆદત કા, બશારત કા ખઝાના લે કે આયા હે,
યે દિન મીલાદ કા હમ બાખુશી મિલકર મનાતેં હૈં.
નિકાહ કી બઝમ હે ગોયા હો જન્નત કા હસીં દરબાર,
યે મંઝર દેખકર સારે મલાઈક રશ્ક ખાતેં હૈં.
ખુશી મેં શાદી કી શામિલ હે કુલ મુમિન જમાઅત કે,
મુબારકબાદ કે હર સિમ્ત સે પૈગામ આતેં હૈં.
ઈસે કૌસર કહેં, ઝમઝમ કહેં કે ખૈર કી નહેરેં,
યહાં હમ પર સદા ખુશબખ્તી કે બાદલ બરસતેં હૈં.
ઈમામે અસ્ર કે દાઈ હૈં કુલ મુખ્તાર દાઅવત કે,
યે દાઈ પર ફિદા હમ જાન સૌ-સૌ બાર કરતેં હૈં.
અસા માઝૂન હે, મૂસા હે દાઈ હર ઝમાને મેં,
મુકર્રર મૌલા અપને બેટે કો માઝૂન કરતેં હૈં.
ન હોને દેંગે બુનિયાદે શરીઅત કો કભી કમઝોર,
ઈમાદુદ્દીન હમકો આજ યે મીઆદ દેતેં હૈં.
શહેદ કી મિસ્લ શીરીં ઝિંદગી હો, હે યહીં ઉમ્મીદ,
દોઆ હમ ખાના-બહેબૂદી કી સુબ્હો શામ કરતેં હૈં.
નિકાહ હે મંઝિલે અવ્વલ, હસીં શાદી કે રસ્તે કી,
ઈસી કો હમ સુકૂને દિલ કા સરચશ્મા સમઝતેં હૈં.
સર અપના લોગ કાઅબે કી તરફ સજદે મેં રખતેં હૈં,
હમ અપના સાયેએ હુબ્બે ઝકી મેં સર ઝુકાતેં હૈં.
અય મૌલા, બોલ બાલા આપકી દાઅવત કા હો હર સૂ,
દોઆ હમરાહ અન્વર કે યે અહલે બઝમ કરતેં હૈં. ✮

## તિજારત


**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✮

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✮

**હજારીવાલા મોબાઇલ**
**અદનાન - ૯૭૧૪૪૩૦૩૧૯**
**અબ્બાસ - ૯૭૧૪૪૩૦૩૧૪**
**દરેક જાતના મોબાઇલ સેલ્સ અને રીપેરીંગ તથા R.T.O. નું ઓનલાઇન કામ કરી આપવામાં આવશે.**
નૂરાની મસ્જીદ સામે, બદરી મોહલ્લા નાકા, વાડી ટાવર, વડોદરા. ✮

**એ-વન બ્યુટી પાર્લર**
**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, કલીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**
૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ, રામપાર્ક, આજવા રોડ, વડોદરા.
**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ✮


**હોતી હે જિસકો મોહબ્બત અલી કી,**
**રહેતી હે ઉન પર ઈનાયત અલી કી,**
**દીનો દુનિયા મેં હુવા વો કામિયાબ,**
**મીલ ગઈ જિસકો હિમાયત અલી કી.**

**હું નથી જોતો ખૈર અમલને મગર તે સવાબ લાવે છે.**

(પેજ નં. ૧૨ નું બાકી)

આ વહ્યને ખુદાથી બંદા તક પહોંચાડવાની ઝિમ્મેદારી રસૂલ ફક્ત નિભાવે છે. ઝમાનાના લોગો અંધાઓ મુજબ છે અને તેઓના દરમિયાન નફસે રસૂલ આઁખોવાલા જેમ જોતા હોય છે, જેથી એ હર ચીઝની ઝરૂરી માહિતી અને ઇલ્મથી વાકિફે કાર હોય છે. લેહાઝા, રસૂલ એવી ઇલ્મી ચીઝો લોગોને કહે છે કે, જે વાસ્તે તેઓની સોચ-નઝર પહોંચી શકતી નથી.

**વહ્ય અને બીજા દુનિયાવી ઇલ્મોમાં ફરક :**

વહ્ય અને દુનિયાના બીજા કસબ કરેલા-કમાયેલા ઇલ્મો દરમિયાન ફરક એ છે કે, વહ્યમાં ઇન્સાનની જાન યા ઝબાન યા સોચ યા ફિકર-રાયની દખલગીરી હોતી નથી. અલ્લાહતઆલા તરફથી એક નુક્તએ નૂર નબી-રસૂલ પર નાઝિલ થાય છે, જેથી એ સમઝી જાય છે કે, જે કંઇ તેને હાસિલ થાય છે તે ઇલ્મ પોતાના નતીજાનું નથી પણ ખુદાએ બખ્શેલી ચીઝ છે. આ એક મોટી અમાનત છે જે હૂબહૂ તે રસૂલ લોગોને પઢી બતાવે છે.

આના બરખિલાફ દુનિયાવી ઊલૂમ સદીઓના તજરૂબાનો મજમૂઓ હોય છે અને આ કોઇ મોટા હાદેસા-બનાવ બાદ આહિસ્તા-આહિસ્તા હાસિલ થાય છે અને એમાં તરક્કી-બદલાવ નમૂદાર થાય છે. **દુનિયાના આ તજરૂબા ઇન્સાની પૈદાવાર હોય છે અને એના નતીજાઓ કોઇ વક્ત ગલત તો કોઇ વક્ત સહી હોય છે.** અલ્લાહતઅલાની વહ્ય તે નૂર અને તાઇદનો મજમૂઓ છે અને દુનિયાના કામો-ઇલ્મો અલ્લાહના કલામ સાંભલા બાદ ઇન્સાન તેમાં કમી-ઝિયાદતી, ઓછપ-વધારો કરે છે. તેની સોચ અને ગરઝ તેમાં શામિલ થઇ જાય છે. તે બાદ ઝમાનો ગુઝરતા તે હઝારો ફિકરો-ખયાલો-તજરૂબાઓનો ખુલાસો યા નિચોડ બને છે.

વહ્યે ખુદાવંદી હક્કદાર રસૂલને કોઇ દુનિયાવી-માલી, ઝરીઆ-વાસ્તાથી મિલતી નથી, લેહાઝા તેને સમઝવું અક્લો હિકમત બગૈર ખૂબ જ દુશ્વાર બની જાય છે. દુનિયાવી ઇલ્મ કોઇ પણ શખ્સ, કોઇ પણ જગાથી અને કોઇ પણ શિક્લમાં હાસિલ કરીને સમઝી લે છે. પણ ઇલાહી ઇલ્મ અને વહ્ય બાઝારમાં કિતાબોની શિક્લમાં વેચાતું મિલતું નથી. હમારા આ અકીદાને એ જ તાલિબે ઇલ્મ સમઝી શકે છે, જે પોતાના હદ્દે આલી-ઉસ્તાદ-મોઅલ્લિમના નઝદીક ઇલ્મે હકીકત-ઇલ્મે ઇલાહી પઢવાની પહોંચ રાખતા હોય. ✫

--------------

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઇન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.